

|| NAMO TITTHASSA ||

GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)
# JAINACHARYA SHRIMADVIJAY YUGBHUSHANSURI
(PANDIT MAHARAJ SAHEB)

વિ.સં. 2077, આસો સુદી ૮, તા. 13-10-2021, બોરિવલી, મુંબઈ

Ref.:202110G-34

## સકલ સંઘ જોગ સ્પષ્ટીકરણ

શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી નીલકંઠ મહાદેવ કેસનું લગભગ પોણા બે મહિના પહેલાં જજમેન્ટ આવ્યું છે. જે સોશિયલ અને પ્રિન્ટ મીડિયામાં વધાઈ સાથે પ્રસારિત કરાયું છે. તેના વિચારણીય મુદ્દાઓ ઉપર આવશ્યક તટસ્થ વિશ્લેષણ મેં જાહેર કર્યું છે. તેની અમુક પરિબળો દ્વારા વિચિત્ર કહી શકાય તેવી પ્રતિક્રિયાઓ સોશિયલ મીડિયામાં અને અન્ય રીતે પ્રચારિત કરાઈ છે. તેના ખુલાસા શાસન હિતાર્થે જાહેર કરવા જરૂરી જણાય છે.

- પ્રસ્તુત કેસની એફિડેવિટ આદિમાં જેવા સ્ફોટક મુદ્દાઓ છે તેના કરતાં પણ ઘણાં હાનિકારક મુદ્દાઓ તીર્થોના અન્ય દસ્તાવેજોમાં પેઢી થકી રેકોર્ડ થયેલાં છે, વર્ષોથી તેની વિગતવાર જાણ હોવા છતાં મેં મૌન જ સેવ્યું છે. પરંતુ પેઢીની તરફેણમાં અત્યંત લાભકારી અને ઐતિહાસિક કાર્ય તરીકે પ્રસ્તુત જજમેન્ટ જાહેર કરાવાયું તેથી જ તેની જાહેર સમીક્ષા કરવાની ફરજ પડી છે.
- છેલ્લાં 25 વર્ષોમાં તીર્થોની અનેક ગંભીર સમસ્યાઓમાં પેઢીનું ધ્યાન દોરી પગલા લેવા જણાવ્યું છે. પરંતુ દુર્ભાગ્યે ઘોર ઉપેક્ષાને કારણે તે નુકસાનો અટક્યાં નથી. અરે ! પેઢી તરફથી પ્રાયઃ પ્રતિભાવ પણ મળેલ નથી. પૂ ગચ્છાધિપતિઓ કે આચાર્ય ભગવંતોને પણ શાસનની સમસ્યાઓ જણાવવામાં અપવાદને બાદ કરતાં પ્રાયઃ તેવી જ ઘટના ઘટી છે. પ્રસ્તુત જજમેન્ટથી શાસનને જ નુકસાન થવાનું હોવા છતાં, જાહેરમાં ત્રણ નિવેદનો મૂકાવા છતાં હજુ સુધી અધિકૃત સ્થાનોથી પ્રતિભાવ સુદ્ધાં મળ્યો નથી, આ હકીકત પણ તેનો જ પુરાવો છે. આ સંયોગોમાં મૌન રહેવાથી શાસનને ફાયદો થાય, તેવું કોઈ સુજ્ઞ કહી શકે ? મૌનપૂર્વક જોઈ રહેવાથી પેદા થનારાં આ નુકસાનો અને નવા નુકસાનો કોઈપણ શાસનપ્રેમીને સંમત હોય તેવું હું માનતો નથી.
- જૈનો શ્રીમંતોની ખુશામતમાંથી બહાર આવીને ત્યાગી - સંયમી મહાત્માઓને અધિક ગણે તેની શાસનસેવા માટે તાતી જરૂરિયાત છે. શ્રેષ્ઠીઓનું માન ન સચવાય તો શાસનને નુકસાન થાય, પરંતુ તેના નામે ધર્માચાર્યનું માન ન સચવાય તો કશો વાંધો નહીં, આવો આશ્ચર્યકારી ન્યાય શાસન માટે હાનિકારક નથી, તેવું કહી શકાય તેમ છે ?
- ધર્માચાર્ય તરીકે ભગવાને સોંપેલી શ્રીસંઘને સાચું માર્ગદર્શન આપવાની ફરજ બજાવવા માટે ભૂલોની ગંભીરતા - હાનિકારકતા દેખાડવી જરૂરી છે. તેથી જ તો જેઓ પેઢીના તરફદાર છે, તેઓ તીર્થને હાનિકારક ભૂલો સુધારવા પેઢી ઉપર દબાણ લાવી શીઘ્રતાથી કાયદાકીય પગલાં લેવડાવે તેવા આશયથી જાહેરમાં જણાવ્યું છે. માત્ર મૌન રહેવાથી કે પેઢીને જણાવી દેવાથી ફળ થોડું મળવાનું છે ? દીર્ઘદૃષ્ટિને ઓળખવા પણ દીર્ઘદૃષ્ટિ જોઈએ!!

બાકી આપણી પણ એટલી સમજદારી જોઈશે કે નિવેદનમાં કરાયેલ પ્રાથમિક વિશ્લેષણ પણ જાતે ન કરી શકે એવા અબુધો જ સામા પક્ષમાં છે તેવું માનવાની ગફલતમાં રહેવું આપણને ન પરવડે.

છેલ્લે, જેમનામાં જરા પણ શાસનની દાઝ હોય તેવા પેઢીના દરેક તરફદારો પેઢી ઉપર દબાણ કરી પ્રસ્તુત ભૂલો સુધરાવડાવવા દ્વારા તીર્થસેવાની દુર્લભતમ તક ઝડપી લે તેવી ખાસ ભલામણ...

આ. વિજય યુગભૂષણસૂરી

(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)